**નવી બાબત વર્ષ ૨૦૨૬-૨૭**

અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની કુલ ૦૫ આદર્શ નિવાસી શાળાઓ જ્યાં વિજ્ઞાનપ્રવાહના ધોરણ ૧૧ અને ૧૨ના વર્ગો કાર્યરત હોય ત્યાં અત્યાધુનિક લેબોરેટરી તેમજ ફર્નિચરકામ માટેના રૂ.૦.૨૫/- કરોડના ખર્ચઅંદાજોને વહીવટી મંજૂરી આપવા બાબત

**ગુજરાત સરકાર**

ઠરાવ ક્રમાંક : **SJED/Mis/e-file/17/2025/2861/G**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તા.ઈ-સાઈન મુજબ

**વંચાણમાં લીધા** :

(૧) નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના પત્રક્રમાંક:અજાક/ગ/નબા/૨૦૨૫-૨૬/૬૧૬૫-૬૬,તા.૦૫/૧૨/૨૦૨૫

(૨) નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના પત્રક્રમાંક: **DSCWG/0062/03/2026**, તા.૦૬/૦૩/૨૦૨૬

**આમુખ** :

રાજ્યમાં અનુસૂચિત જાતિના ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અભ્યાસ સાથે રહેવા, જમવાની નિ:શુલ્ક સુવિધા મળી રહે તે હેતુથી રાજયમાં આદર્શ નિવાસી શાળાઓ(કુમાર અને કન્યા) ચલાવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા. ૦૫/૧૨/૨૦૨૫ ના પત્રથી નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની કુલ ૦૫ આદર્શ નિવાસી શાળાઓ જ્યાં વિજ્ઞાનપ્રવાહના ધોરણ ૧૧ અને ૧૨ના વર્ગો કાર્યરત હોય તેવી (૧) આ.નિ.શા.(કુમાર/અ.જા.), ગાંધીનગર (૨) આ.નિ.શા.(કુમાર/અ.જા.), જૂનાગઢ (3) આ.નિ.શા.(કુમાર/અ.જા.), રાજકોટ (૪) આ.નિ.શા.(કુમાર/અ.જા.), ભાવનગર તેમજ (૫) આ.નિ.શા.(કન્યા/અ.જા.), વડોદરા ખાતે અત્યાધુનિક લેબોરેટરી તેમજ ફર્નિચર બનાવવા માટે રૂ.૦.૨૫/-કરોડના ખર્ચની નવી બાબત વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવવા માટે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદર બાબતનો વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ હતો. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા. ૦૬/03/૨૦૨૬ના પત્રથી નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા સદર બાબતે રૂ.૦.૨૫/- કરોડનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી માટે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ** :

૨. કાળજીપૂર્વકની વિચારણાને અંતે, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની કુલ ૦૫ આદર્શ નિવાસી શાળાઓ જ્યાં વિજ્ઞાનપ્રવાહના ધોરણ ૧૧ અને ૧૨ના વર્ગો કાર્યરત હોય તેવી (૧) આ.નિ.શા.(કુમાર/અ.જા.), ગાંધીનગર (૨) આ.નિ.શા.(કુમાર/અ.જા.), જૂનાગઢ (3) આ.નિ.શા.(કુમાર/અ.જા.), રાજકોટ (૪) આ.નિ.શા.(કુમાર/અ.જા.), ભાવનગર તેમજ (૫) આ.નિ.શા.(કન્યા/અ.જા.), વડોદરા ખાતે અત્યાધુનિક લેબોરેટરી તેમજ ફર્નિચર બનાવવા માટે રૂ.૦.૨૫/-કરોડના ખર્ચઅંદાજોને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**૩. શરતો:**

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું

રહેશે.

(૨) ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(3) નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.

(૪) નવી મશીનરીની ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે. (વિકલ્પ લાગુ પડતો હોય ત્યા શરત સામેલ કરવી)

(૫) ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.

(૬) નવી મશીનરી ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

(૭) નવી મશીનરી ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૮) નવી મશીનરી ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૯) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) નવી મશીનરી ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકાર તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

(૧૧) જો કોઇ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૩) પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૪) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ બજેટબુકના માંગણી નં ૯૫ ૨૨૨૫ ૦૧ ૨૭૭ ૧૭ **SCW – 8** હેડે ઉધારવાનો રહેશે.

૫. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણાવિભાગના પરામર્શમાં અગ્રસચિવશ્રી(સા.ન્યા.)ની તા.૨૦/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ વહીવટી મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**e-SD/-**

(સંતોષ વસાવા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના</u> :

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- રહસ્ય સચિવશ્રી, સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.જૂનાગઢ
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.રાજકોટ
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.ભાવનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.વડોદરા
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રીઓ, અ.જા.ક. કચેરી (નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ - ૨૦૨૬

*Signature Not Verified*

*Signed by:SantoshKumar Sureshbhai Vasava Section Officer Date:2026.05.06 17:24:54 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*